જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૫૪૨ લીટર દેશી દારૂ, ૨૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૯૩ બીયર ટીન, ૨ કાર અને ૦૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૨૦,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૭૭/૨૦૨૫**

વાડજઃ મણીલાલ રામજીભાઈ પટેલ (ઉ.વ.૭૧) (રહે.સિલ્વર હોમ, સાઈન્સ સીટી રોડ સોલા) એ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૫ ના રોજ નવા વાડજ નિર્ણયનગર "ત્રિશા સ્પેશ્યાલીટી કેમીસ્ટ પ્રા.લી."નામની કંપની ખાતે આરોપી વિજય અગ્રવાત (રહે. શ્રી રાધે કેમીકલ્સ ભોપા રોડ, સ્વસ્તિક ફેક્ટરીની બાજુમાં, મુઝફ્ફરનગર ઉત્તરપ્રદેશ) પાસેથી કોસ્ટીક સોડા Lye ૪૮% નો કુલ ૧૨,૦૦૦ Kg કિમત રૂપિયા ૫,૮૨,૪૪૬/– ની ખરીદી માટે મણીલાલ પટેલએ ઓર્ડર આપતા વિજય અગ્રવાત એ માલના નાણાં મેળવી લઈ આજદિન સુધી માલ નહી મોકલી તેમજ આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ડાહ્યાભાઇ બાબુભાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૭૮/૨૦૨૫**

ઈસનપુરઃ રૂપેશભાઇ અરવિંદભાઇ શાહ (રહે. કૃષ્ણ એપાર્ટમેન્ટ, જયમાલા ચાર રસ્તા પાસે, ઇસનપુર) એ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જે.જાડેજા ચલાવે છે.

નવરંગપુરાઃ જિતેન્દ્રસિંઘ ગબ્બરસિંઘ સિંઘ (ઉ.વ.૫૦)(રહે.સાવ્યા સ્કાઈઝ હિલોક હોટલ પાસે સર્વિસ રોડ ઝુંડાલ ગાંધીનગર) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૨૫ કલાક ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા સીટી સેન્ટર કોમ્પલેક્ષ ચોથો માળ ઓફિસ નંબર–૪૭ ખાતે આવેલ "એક્યુરેટ સિક્યુરીટી એન્ડ એલાઈડ સર્વિસીસ"નામની સિક્યુરીટી એજન્સીની ઓફીસની બારી તોડી, અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૩૬,૩૬૭/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.

સોનાની ચેઇન/કંઠી ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૦૭૯/૨૦૨૫**

કૃષ્ણનગરઃ જગદિશભાઈ ધુળાભાઈ પટેલ (ઉ.વ.૪૩)(રહે.અવની હોમ્સ શ્યામ કુટીર બંગ્લોઝની બાજુમાં નવા નરોડા કૃષ્ણનગર) તા.૦૧/૦૮/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે અયોધ્યા ચોક પાસે "મોનું નર્સરી" સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ જગદીશભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૪૩,૦૦૦/– અને સોનાની કંઠી (રૂદ્રાક્ષની માળા) કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જગદિશભાઈ પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૦/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ રાજદીપ મહેશભાઇ પરમાર (રહે.જયાકુંજ ગુરૂપ્રસાદ એપાર્ટમેન્ટ સામે બી.એસ.એન.એલ ઓફિસ પાછળ જુબેલી રોડ રાજકોટ) એ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૫ કલાક ૪/૧૫ થી તા.૨૯/૦૭/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ એસ.જી.હાઈવે "ધ ગ્રાન્ડ ભગવતી હોટલ" ખાતે પાર્કીંગમાંથી (૧) ફિનોલેક્સ કંપનીના ઇલેક્ટ્રીક કોપરની રીંગ નંગ–૨૦ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– (૨) વાયરીંગની રીંગ ફસાવવાના લોખંડના સાપડા નંગ–૧૫૦ કિમત રૂપિયા ૩૦,૦૦૦/– અને (૩) ઇલેક્ટ્રીક પ્લગ પોઇન્ટ બોક્સ નંગ–૩૫ કિમત રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મિહિરભાઇ જયસુખભાઇ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૧/૨૦૨૫**

વેજલપુરઃ હસમુખભાઇ સ/ઓ ભરતભાઇ ચૌહાણ (ઉ.વ.૪૫) (રહે. સિધ્ધી સોસાયટી લક્ષ્મી માતાના મંદીર સામે વેજલપુર) નાઓના રહેણાંક ખાતેના મકાનમાં તા.૦૧/૦૮/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા આગ લાગતા હસમુખભાઇ ચૌહાણ નાઓ ગંભીર રીતે દાઝી જતાં તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુનિલભાઈ હિમ્મતભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૨/૨૦૨૫**

શાહીબાગઃ પાર્થ ગોપાલભાઇ પટણી (ઉ.વ.૧૮) (રહે. કડીયાની ચાલી શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.વડેરા ચલાવે છે.

કૃષ્ણનગરઃ અશ્વિનભાઈ છનાલાલ મોરાર (ઉ.વ.૬૨) (રહે. જયરાજ એપાર્ટમેન્ટ લોટસ સ્કુલ સામે જોધપુર ગામ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે આદિશ્વરનગર ચિત્રકૂટ આવાસ યોજના બ્લોક નંબર ૧૦/૩૦૭ ખાતે પોતાના મકાનમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાલીશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી